### ચરોતરમાં તમાકુનો વેપાર ફરી ધમધમશે, આજથી ખરીદ-વેચાણ શરૂ

# ચરોતરમાં GSTના વિરોધમાં એક માસથી ચાલતું આંદોલન સમેટાયું

**નવી સિઝનનો માલ** તૈયાર હોવાથી વેપાર રાબેતા મુજબ થશે

(પ્રતિનિધિ) આણંદ તા.28

ચરોતરના તમાકુ વેપારીઓ દ્વારા જીએસટી દરના વિરોધમાં પહેલી ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવેલી હડતાળ આખરે પૂરી થઈ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સકારાત્મક વલણ અને ખેડૂતોની તૈયાર થયેલી નવી સિઝનના માલને ધ્યાને રાખીને, ચરોતર તમાકુ વેપારી એસોસિએશને પહેલી માર્ચ, 2026થી તમામ વ્યવહારો અને જથ્થાની હેરફેર રાબેતા મુજબ શરૂ કરવાની જાહેરાત કરી છે.

ચરોતરના વેપારીઓ એક મહિનાથી તમાકુને 'સીન ગુડ્સ' માંથી બાકાત કરવા અને પ્રાથમિક કારખાનેદારોને વધારાના કરભારથી મુક્ત રાખવાની માંગ સાથે આંદોલન પર હતા. આ મુદ્દે કેન્દ્રીય અને રાજ્ય કક્ષાના નાણામંત્રીઓ તેમજ ગુજરાતના મુખ્યમંત્રીને લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી. સરકાર તરફથી આ બાબતે યોગ્ય ન્યાય અપાવવા માટે કેન્દ્રમાં રજૂઆત કરવાનું આશ્વાસન મળતા



વેપારીઓએ મડાગાંઠ ઉકેલવાનો નિર્ણય લીધો છે.

ચરોતરના ખેડૂતોનો નવી સિઝનનો માલ તૈયાર છે, ત્યારે લાખો ખેડૂતો અને હજારો કામદારોની આજીવિકા પર અસર ન પડે તે હેતુથી એસોસિએશને ૧લી માર્ચથી બજાર ફરી ધમધમતું કરવાનો નિર્ણય લીધો છે. હાલના તબક્કે વેપાર સરકારના ૧લી ફેબ્રુઆરીથી લાગુ થયેલા નવા જીએસટી દર મુજબ જ શરૂ કરવામાં આવશે.

આ અંગે એસોસિએશને જણાવ્યું હતું કે, એક મહિના સુધી નવા જીએસટી દરોથી બિલ બનાવ્યા વગર અને ખરીદ-વેચાણ અટકાવીને તમામ વેપારીઓએ જે એકતા બતાવી છે, તેનાથી સરકાર સુધી મજબૂત સંદેશો પહોંચ્યો છે. આ સામુહિક સંગઠન શક્તિ જ આગામી સમયમાં ઉદ્યોગના પ્રશ્નો ઉકેલવામાં મદદરૂપ થશે.

#### વેપારીઓ માટે માર્ગદર્શિકા જાહેર કરાઇ

તમાકુ એસોસિએશને વેપારીઓને સૂચના આપી છે કે, ખેડૂતોને અગવડ ન પડે તે માટે જૂના સોદાના માલને પ્રાથમિકતા આપવી. વધુમાં, ખેડૂતોનું શોષણ ન થાય તે માટે પોષણક્ષમ ભાવ આપવા અને ખેડૂતોના નાણાંનું સમયસર ચુકવણું કરવા પણ તાકીદ કરવામાં આવી છે. શ્રમિકોના મહેનતાણા બાબતે પણ ખાસ ધ્યાન રાખવા જણાવાયું છે.

### નડિયાદના અમદાવાદી દરવાજા પાસે આવેલી બંધ બેકરીમાં ભીષણ આગ





નડિયાદના ભરચક ગણાતા અમદાવાદી દરવાજા વિસ્તારમાં આવેલી વર્ષો જૂની 'સુપર ભારત બેકરી'માં શુક્રવારે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં અફરાતફરી મચી ગઈ હતી. આગની વિકરાળતાને પગલે ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઉડતા જોઈ આસપાસના રહીશો અને દુકાનદારોમાં ફાળ પડી હતી અને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યાં હતાં. આ ઘટનાની જાણ થતા જ નડિયાદ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી અડધો કલાક સુધી પાણીનો સતત મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે, જેમાં બેકરીનું તમામ ફર્નિચર બળીને ખાખ થઈ ગયું હતું પરંતુ બેકરી બંધ હોવાથી સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.

# જંત્રાલમાં દબાણો મામલે ગ્રામ પંચાયતની કાર્યવાહી

**પંચાયત દ્વારા 10 મિલકત ધ્વસ્ત કરાતાં** રસ્તાઓ ખુલ્લા બન્યા

(પ્રતિનિધિ) બોરસદ તા 28

બોરસદ તાલુકાની જંત્રાલ ગ્રામ પંચાયત દ્વારા જાહેર હિતમાં 30 વર્ષથી વધુ સમયથી ખડકાયેલા દબાણોનો સફાયો કરવામાં આવ્યો હતો. સીટી સર્વે કચેરી રાસ દ્વારા નિર્દેશિત કરાયેલા 10 જેટલા દબાણોને જેસીબીની મદદથી તોડી પાડવામાં આવ્યા હતા.

જાહેર રસ્તા અને ખુલ્લી જગ્યાઓ પર વર્ષોથી ખડકાયેલા દબાણોના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. પંચાયતની આ કાર્યવાહી બાદ રસ્તાઓ ખુલ્લા બન્યા હતા, ગ્રામ પંચાયત દ્વારા કડકપણે કાર્યવાહી થતાં સ્થાનિક રહીશોને રાહત મળી હતી.

ગ્રામ પંચાયતના સૂત્રોના જણાવ્યા મુજબ, આ કામગીરી કાયદાની જોગવાઈઓ મુજબ જ હાથ ધરવામાં આવી હતી. ભવિષ્યમાં ફરી દબાણ ન થાય તે માટે નિયમિત દેખરેખ અને કડક કાર્યવાહી



ચાલુ રાખવાની પણ ચેતવણી આપવામાં આવી છે.

જંત્રાલમાં થયેલી આ કાર્યવાહીથી સ્પષ્ટ થવા પામ્યું છે કે જાહેર જમીન પર થયેલ દબાણ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં નહીં આવે. દરેક જગ્યાએથી દબાણો હટાવવા માટે કાર્યવાહી યથાવત રાખવામાં આવનાર હોવાનું જણાવાયું છે.

# નાપાવાંટા ગામમાં જુગાર રમતાં 9 શખસ પકડાયાં

**આણંદ લોકલ ક્રાઇમ** બ્રાંચે દરોડો પાડી રૂ. 24,950નો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.28

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચે બાતમી આધારે નાપા વાટાની ઈન્દિરા કોલોનીમાં ચાલતા જુગારના અડ્ડા પર ત્રાટકી નવ જુગારીઓને જબ્બે કર્યા હતા. આ પકડાયેલા શખ્સોમાં ફિરોજખાન રાણા, જમયતખાન રાણા, મુસ્તફા રાણા, ધીરેનકુમાર ચૌહાણ, ઈલીયાસખાન રાણા, કેશુભા મલીક (તમામ રહે. નાપા તળપદ) તેમજ મહેશભાઈ પ્રજાપતિ (પામોલ), વિશાલકુમાર પટેલ અને રાજુભાઈ રાઠોડ (બન્ને રહે. દહેમી) નો સમાવેશ થાય છે. પોલીસે તેમની પાસેથી 24,950ની રોકડ જપ્ત કરી બોરસદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરી છે.

#### અડાસમાં પાણીની ટાંકી પાસે દરોડો

વાસદ પોલીસને બાતમી મળી હતી કે, અડાસમાં પાણીની ટાંકી નજીક ખુલ્લી જગ્યામાં જુગારની મહેફિલ ચાલી રહી છે. આથી, પોલીસે દરોડો પાડતા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે, પોલીસે કોર્ડન કરી ધર્મેન્દ્રકુમાર સુરેશભાઇ મકવાણા, દીપકભાઇ પરષોત્તમભાઇ હરીજન, દર્પણભાઇ જનુભાઇ ભોઇ અને હિતેશભાઇ જેસંગભાઇ પરમાર (તમામ રહે. અડાસ) ને ઝડપી લીધા હતા. તેમની પાસેથી 16,610નો મુદ્દામાલ કબજે કરી વાસદ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

# મહાત્મા જ્યોતિરાવ ફૂલેને 'ભારતરત્ન' આપવા માંગ

**ખેડા જિલ્લા માળી** સમાજે કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.28

ખેડા જિલ્લા રામી માળી સમાજ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને અખંડ ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા સાવિત્રીબાઈ ફૂલેને દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારતરત્ન' મરણોત્તર આપવાની માંગ કરી હતી. ગુજરાત માળી સમાજ દ્વારા રાજ્યવ્યાપી શરૂ કરવામાં આવેલી ઝુંબેશના ભાગરૂપે નડિયાદ ખાતે મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ એકઠા થયા હતા અને ફૂલે દંપતીના



સામાજિક ઉત્થાનના કાર્યોની યાદ અપાવી કેન્દ્ર સરકાર સુધી આ અવાજ પહોંચાડવા વિનંતી કરી હતી.

આ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, ફૂલે દંપતીએ પોતાનું સમગ્ર જીવન પછાત, દબાયેલા અને કચડાયેલા વર્ગને ન્યાય અપાવવા માટે સમર્પિત કર્યું હતું. બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે પણ મહાત્મા જ્યોતિરાવ ફૂલેને પોતાના ગુરુ માન્યા હતા, જે તેમની વૈચારિક ઊંચાઈ સાબિત કરે છે.

આ અંગે માળી સમાજના આગેવાનોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ફૂલે દંપતીને ભારતરત્ન આપવો એ માત્ર એક સમાજનું સન્માન નથી, પરંતુ દેશના અતિ પછાત અને શોષિત વર્ગને સાચા અર્થમાં ન્યાય આપવા સમાન છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ખેડાની કોલેજમાં 'બેટી બચાઓ' અંતર્ગત સાયબર સુરક્ષા અને 'શી' ટીમ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**નડિયાદ |** ખેડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમથી બચવા મજબૂત પાસવર્ડ રાખવા, અજાણી લિંક ન ખોલવા અને ઓટીપી શેર ન કરવા જેવી મહત્વની સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સાયબર સેફ્ટી બ્રાન્ચ અને 'શી' ટીમના નિષ્ણાતો દ્વારા સેલ્ફ ડિફેન્સ (આત્મરક્ષણ) અને નેટવર્ક સુરક્ષાના નિયમો અંગે જાણવટભરી માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ, સાયબર સેફ્ટી બ્રાન્ચના વાલજીભાઈ ભરવાડ અને જેન્ડર સ્પેશિયાલિસ્ટ સંગીતાબેન સહિતના મહાનુભાવો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

### આણંદના ખેલાડી ફરીદાબાદમાં યોજાયેલી સ્પેશિયલ ઓલિમ્પિક્સમાં ઝળક્યાં



**આણંદ |** ફરીદાબાદ ખાતે યોજાયેલી સ્પેશિયલ ઓલિમ્પિક્સ નેશનલ ગેમ્સ ફ્લિડ હોકીમાં ગુજરાતની કાવ્યા છાસટિયાએ બ્રોન્ઝ મેડલ જીત્યો છે અને ધારાસિંધુ કચ્છીએ ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે. કોચ જયપાલસિંહ અને માધુરીના માર્ગદર્શન હેઠળ ખેલાડીઓએ આ નોંધપાત્ર સિદ્ધિ મેળવી સમગ્ર રાજ્યનું નામ રોશન કર્યું છે. આ ભવ્ય સફળતા બદલ ગુજરાતની ટીમને અને વિજેતા ખેલાડીઓને સર્વત્ર અભિનંદન મળી રહ્યા છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### સરદાર પટેલ યુનિ.ના 'આધુનિક હિન્દી કાવ્ય અને ભારતીય સંસ્કૃતિ' પર પરિસંવાદ યોજાયો



**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટીના હિન્દી વિભાગ દ્વારા RUSA અને KCGના સહયોગથી એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિ પ્રો. નિરંજન પટેલના અધ્યક્ષપણા હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં પ્રો. દિલીપ મેહરા સંપાદિત પુસ્તક 'રામરસાયન'નું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં દિલ્હી, પ્રયાગરાજ અને મુંબઈ જેવા વિવિધ રાજ્યોના વિષય નિષ્ણાંતોએ હિન્દી કવિતામાં ભારતીય સંસ્કૃતિના મહત્વ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે ગુજરાત સહિત વિવિધ રાજ્યોના અધ્યાપકો, સંશોધકો અને સાહિત્ય પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### સ્થાનિક સ્વરાજની ચૂંટણી જીતવા મનભેદ ભૂલી કામે લાગવા ભાજપ જિલ્લા પ્રમુખની અપીલ



**સેવાલિયા |** ગળતેશ્વર તાલુકાની 4 જિલ્લા અને 18 તાલુકા પંચાયત બેઠકો અંકે કરવા માટે હોટલ 'ધી જંગલ' ખાતે ભાજપની 'પરિવાર બેઠક' યોજાઈ હતી. જિલ્લા પ્રમુખ નયનાબેન પટેલે કાર્યકરોને નાના-મોટા મનભેદ ત્યજી, પોતે જ પ્રમુખ છે તેમ સમજી એકસંપ થઈ ચૂંટણી જીતવા હાકલ કરી હતી. પક્ષ યોગ્ય સમયે કાર્યકરની કદર કરે જ છે તેમ જણાવી, તેમણે ઉમેદવાર ગમે તે હોય તેને સ્વીકારી પક્ષના હિતમાં જોડાવા સંબોધન કર્યું હતું. તાલુકા પ્રમુખ નીરવભાઈ ઉપાધ્યાયના આયોજન હેઠળ યોજાયેલી આ બેઠકમાં વિવિધ હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### નડિયાદમાં 'વિશ્વ સામાજિક ન્યાય દિવસ' નિમિત્તે વિશેષ કાનૂની જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો



**નડિયાદ |** જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પાલેયાની સેવા વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓને કાયદાકીય રીતે જાગૃત અને સશક્ત કરવાના હેતુથી વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સેક્રેટરી ડી.બી. જોષી દ્વારા વિદ્યાર્થીઓને પોક્સો એક્ટ, સાયબર સિક્યુરિટી, ચાઈલ્ડ હેલ્પલાઈન અને વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું. આ કાર્યક્રમ દરમિયાન રમત-ગમત અને સંસ્કૃત વિષયમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં, બાળ વિવાહ મુક્ત ભારત અને દહેજ પ્રતિબંધ અંગે શપથ લીધા હતાં.

### સીવીએમ યુનિવર્સિટીના ગ્રીસ, રોમાનિયા અને માલડોવાની સંસ્થાઓ સાથે MoU સંપન્ન




**આણંદ |** સીવીએમ યુનિવર્સિટીમાં ગ્રીસ, રોમાનિયા અને માલડોવાના પ્રતિનિધિમંડળની મુલાકાત દરમિયાન આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સહકાર અને વૈશ્વિક ભાગીદારી મજબૂત કરવાના હેતુથી મહત્વના કરાર કરવામાં આવ્યા છે. આ એમઓયુ અંતર્ગત ખાસ કરીને વિનયન અને લલિત કલાના વિદ્યાર્થીઓ માટે સંયુક્ત સંશોધન, વિદ્યાર્થી-પ્રાધ્યાપક વિનિમય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રદર્શનની નવી તકો ઉભી થશે. પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ થયેલા આ જોડાણથી વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે માર્ગદર્શન અને રોજગારીની નવી તકો પ્રાપ્ત થશે, જે તેમને આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ થશે.

### ઉમરેઠ અર્બન કો-ઓપરેટીવ બેંક દ્વારા બ્લડ ડોનેશન કેમ્પમાં 103 યુનિટ એકત્રિત કરાયું



**ઉમરેઠ |** ઉમરેઠ અર્બન કો-ઓપરેટીવ બેંક દ્વારા ઇન્ડિયન રેડક્રોસના સહયોગથી સામાજિક જવાબદારીના ભાગરૂપે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં નગરજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લેતા કુલ 103 યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. બેંકના ચેરમેન સંજયકુમાર શહેરવાળા, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને કર્મચારીગણે આ માનવતાવાદી કાર્યમાં સક્રિય ફાળો આપ્યો હતો. રક્તદાન કરી સામાજિક ફરજ નિભાવનાર તમામ રક્તદાતાઓનો બેંક પરિવાર દ્વારા હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

### મોગરના પરમાર કલ્પનાબેને સીવીએમ યુનિવર્સિટીમાંથી પીએચડીની પદવી મેળવી



**આણંદ |** સીવીએમ યુનિવર્સિટી દ્વારા પરમાર કલ્પનાબેન અર્જુનસિંહને ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં પીએચડીની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે 'Pros and Cons of Teaching Learning Process: Post Pandemic' વિષય પર પોતાનો ઊંડાણપૂર્વક અભ્યાસ પૂર્ણ કર્યો છે. બાવીસગામ બી.એડ. કોલેજમાં લેક્ચરર તરીકે ફરજ બજાવતા અને મોગરના વિક્રમસિંહ મહિડાના ધર્મપત્ની કલ્પનાબેને આ સિદ્ધિ પ્રાપ્ત કરી સમગ્ર રાજપૂત સમાજનું ગૌરવ વધાર્યું છે.

### સરદાર પટેલ યુનિ.માં 'ડિજિટલ સાર્વભૌમત્વ અને એઆઈ ગવર્નન્સ' પર નિષ્ણાત વ્યાખ્યાન યોજાયું



**આણંદ |** વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગ દ્વારા આઈ.એ. શેરથા લેક્ચર સિરીઝ અંતર્ગત વિશેષ શૈક્ષણિક વ્યાખ્યાનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા ડો.હિમાબિંદુ એમ. એ ભારતમાં ડિજિટલ સાર્વભૌમત્વ, IT નિયમો અને સ્વદેશી ટેકનોલોજી પ્લેટફોર્મ્સ જેવા મહત્વના પાસાઓ પર વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વ્યાખ્યાન દરમિયાન એઆઈ ગવર્નન્સ માટે પારદર્શિતા, ડેટા પ્રાઈવસી અને નૈતિક મૂલ્યોના અમલીકરણની અનિવાર્યતા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. વિભાગીય વડા ડો. વસંત પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### કપડવંજની એસ.સી. દાણી વિદ્યાલયમાં 'બાલ બજાર' દ્વારા ગણિતનું વ્યવહારુ શિક્ષણ અપાયું



**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળ સંચાલિત એસ.સી. દાણી વિદ્યાલયમાં ધોરણ 4ના વિદ્યાર્થીઓ માટે 'બાલ બજાર'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ ગણિતના વ્યવહારુ કોયડાઓ, રૂપિયા-પૈસાની લેવડદેવડ અને ખરીદી-વેચાણની પ્રક્રિયાને સરળતાથી અને રસપૂર્વક સમજી શકે તે હતો. ધોરણ 1થી 4ના બાળકોએ ઉત્સાહપૂર્વક વિવિધ વસ્તુઓની ખરીદી કરી ગણિતના જ્ઞાનનો પ્રાયોગિક અનુભવ મેળવ્યો હતો. વાલીઓના ઉત્તમ સહકાર અને પ્રોત્સાહનને કારણે આ સમગ્ર શૈક્ષણિક આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

### કપડવંજ પાલિકામાં ચૂંટણીલક્ષી રણનીતિ ઘડવા જિલ્લા ભાજપની સંકલન બેઠક યોજાઈ



**કપડવંજ |** કપડવંજ નગરપાલિકા ખાતે ખેડા જિલ્લા ભાજપ અધ્યક્ષ નયનાબેન પટેલની ઉપસ્થિતિમાં આગામી ચૂંટણીલક્ષી મહત્વપૂર્ણ સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પક્ષના વરિષ્ઠ આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે સંગઠનને વધુ મજબૂત બનાવવા અને જીતના સંકલ્પ સાથે વિસ્તૃત વ્યૂહરચના પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવવા માટે દ્વિપક્ષીય સંવાદ દ્વારા ભાવિ રણનીતિ તૈયાર કરી હતી.